Volume-2, Issue-2, February-2015 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# શૈક્ષણિક સંશોધન સમસ્યાની પસંદગી

**પ્રો. દિગ્વિજય જે. મકવાણા**

શ્રીમતી એસ.જે. સાબવા શિક્ષણ મહાવિદ્યાલય,

બોટાદ ગુજરાત ભારત

---

## I. ભૂમિકા

સંશોધન એટલે અનાત્મલક્ષી અને વ્યવસ્થિત પદ્ધતિની મદદથી સમસ્યા-ઉકેલ દ્વારા જ્ઞાનની શોધ એટલે સંશોધન. અને શૈક્ષણિક સંશોધન એટલે શૈક્ષણિક પરિસ્થિતિમાં વર્તન વિજ્ઞાનના વિકાસ તરફ નિર્દેશિત થયેલું કાર્ય એટલે શૈક્ષણિક સંશોધન. શિક્ષણની પ્રક્રિયા સંકુલની પ્રક્રિયા છે. શિક્ષણની પ્રક્રિયામાં અનેક સમસ્યાઓ જોવા મળે છે. સંશોધનનો ઉદભવ સમસ્યાથી થાય છે. સંશોધનની સમગ્ર પ્રક્રિયાનું સૌપ્રથમ સોપાન જ સમસ્યાની પસંદગી છે. સમસ્યા પસંદ કરતા પહેલા તેને સ્પષ્ટ રીતે ઓળખવી અને તેની અને તેની અર્થપૂર્ણતાની ચકાસણી કરી લેવી જરૂરી છે. માનવજીવનની પ્રવૃતિઓના વિવિધ ક્ષેત્રોમાં અનેક સમસ્યા જોવા મળે છે. આ સમસ્યાઓમાંથી સંશોધન માટે અર્થપૂર્ણ સમસ્યાની ઓળખ, પસંદગી, એની જરૂરિયાત પસંદગી મળતા માપદંડો, સારી સંશોધન સમસ્યાના લક્ષણો, પ્રકારો તથા સંશોધનના સીમિતિકરણ અંગેની માહિતી મેળવવી જરૂરી બને છે. ***(આચાર્ય,૨૦૦૮)***

સમસ્યાની પસંદગી એ સંશોધક દ્વારા લેવાતો ખુબ જ મહત્વનો નિર્ણય છે. કેટલાક સંશોધકો બીજા સંશોધકોની તુલનામાં આ કાર્ય સારી રીતે કરી શકે છે. શૈક્ષણિક સમસ્યા પસંદગી કરવી એ સંશોધક માટેનો કઠિન નિર્ણય છે. આ સમસ્યા પસંદગી માટેની વિવિધ બાબતો વિશે માહિતી મેળવીએ.

## II. સંશોધન સમસ્યાનો અર્થ

સમસ્યા એ જરૂરિયાત સંતોષ માટેના ઉપાયનો અભાવ દર્શાવે છે. જયારે કોઈ જરૂરિયાત સંતોષવા માટેની પ્રચલિત રીતનો અભાવ વર્તાય કે એમાં અવરોધ વર્તાય ત્યારે સર્જાતી પરિસ્થિતિને સમસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આવી પરિસ્થિતિનો હાલ શોધવાની પ્રવૃત્તિ સંશોધન છે. એટલે કહી શકાય કે સંશોધન દ્વારા ઉકેલ શોધવાનો હોય તેવો પ્રશ્ન એટલે સમસ્યા, સમય, સ્થળ અને સંસ્થાના સાધનોની મર્યાદામાં રહીને તપાસવા માટે સ્વીકારેલી અને ઉકેલ તરફ ગતિ કરવામાં દિશાસૂચક બને તે રીતે રજૂ કરાતી સમસ્યાને સંશોધન સમસ્યા કહેવાય છે. (દેસાઈ. જી. ૨૦૦૦)

- A solvable problem is one that process a questio that can be answered with the use of man's normal capacities. ***(MC. Guigan I.J.)***
- સામાન્યતઃ સૈદ્ધાંતિક કે પ્રાયોગિક પરિસ્થિતિના સંદર્ભમાં સંશોધક દ્વારા અનુભવાતી કોઈક મુશ્કેલી એટલે સંશોધન સમસ્યા કે જેનો તે ઉકેલ લાવવા ઈચ્છે છે. ***(કોઠારી સી ૨૦૦૧)***

ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે સમસ્યાનાં સ્વરૂપ અંગે કહી શકાય કે સમસ્યા એક સમાધાન ઈચ્છતો પ્રશ્ન છે, જેમાં સમસ્યા સાથે બે કે તેથી વધુ ચલો વચ્ચે કાર્યકારણ સંબંધોની જાણકારી મેળવવામાં આવે છે. વળી, જયારે કોઈ વ્યક્તિ કે જૂથને એક કરતા વધારે નિષ્પતિઓની ઈચ્છા હોય અને બે કે વધુ કાર્યપદ્ધતિમાંથી કઈ વધારે સારી કે શ્રેષ્ઠ હશે તે અંગેની શંકાશો પણ સંશોધન સમસ્યા કહેવાય. ***(આચાર્ય,૨૦૦૮)***

## III. સંશોધન સમસ્યાની સંકલ્પના

સંશોધન સમસ્યાની સંકલ્પના સ્પષ્ટ કરવા માટે સંશોધન સમસ્યામાં નીચેના ઘટકોનું હોવું જરૂરી છે.

1. સમસ્યા ધરાવતી કોઈ વ્યક્તિ કે જૂથ.
2. કેટલાંક હેતુઓ પાર પાડવાની ઈચ્છા.
3. હેતુ પાર પાડવા માટે વૈકલ્પિક સાધનો કે કાર્યપદ્ધતિઓ.
4. વિકલ્પોની પસંદગી અને સંશોધકના મનમાં શંકા.

## IV. સમસ્યા પસંદગીના સોપાનો

સોપાન-૧ : સંશોધન ક્ષેત્રની પસંદગી કરવી: રુચિ કે વ્યવહારને આધારે

2015, RHIMRJ, All Rights Reserved

સોપાન-૨ : વિવિધ સ્રોતોને આધારે ક્ષેત્રના સંશોધન પ્રશ્નો અને સિદ્ધાંતોનો પરિચય કરવો.
સોપાન-૩ : સંશોધન પ્રશ્નોનું વર્ગીકરણ કરવું અને સંશોધન સમસ્યાઓની પ્રારંભિક સૂચી તૈયાર કરવી.
સોપાન-૪ : પુર્વાક્ત સૂચિમાંથી એક સંશોધન સમસ્યાની કામચલાઉ પસંદગી કરવી.
સોપાન-૫ : સમસ્યા સાથે સંબંધિત સાહિત્યની સમીક્ષા, અધિવિશ્લેષણ અને સંશોધનનું સંયોજન કરવું.
સોપાન-૬ : સંશોધન સમસ્યાની ઓળખ કરવી.
સોપાન-૭ : સંશોધન સમસ્યાની રચના કરવી અને નામકરણ કે શીર્ષકીકરણ કરવું.
સોપાન-૮ : માપદંડોને આધારે સંશોધન સમસ્યાનું મૂલ્યાંકન કરવું.
સોપાન-૯ : સુધારણા અને સંશોધન સમસ્યાની અંતિમ પસંદગી તથા શીર્ષકીકરણ કરવું.

## V. સંશોધન સમસ્યાના સ્રોતો

સંશોધન સમસ્યાના સ્રોતો પૈકી કેટલાક નીચે તારવી બતાવ્યા છે.

1. સંશોધનકર્તાનો ઊંડો અભ્યાસ અને પ્રવિણતા જવાબદાર.
2. સંશોધનકર્તાના રસ અને કાર્યક્ષમતાના ક્ષેત્રમાંથી તેને અનુકુળ સમસ્યા સરળતાથી જડી આવે છે.
3. શિક્ષણ ક્ષેત્રની બે વ્યક્તિઓને થતાં પરસ્પર વિરોધી અનુભવોમાંથી વિરોધ મંતવ્યો જન્મે છે. અને વિવાદ, વિરોધ, વિસંગતતા, ઇત્યાદિ સંશોધન સમસ્યા જન્માવવામાં કારણભૂત બને છે.
4. વિવિધ શિક્ષણકારો અને શોધકર્તાઓની ભલામણો સમસ્યા ઉદભવ માટેનો સ્રોત બની શકે છે.
5. સંશોધનકર્તા જે ક્ષેત્રમાં સંશોધન કરવા માંગે છે તે ક્ષેત્રને લગતા સંશોધન સારાંશોનો અભ્યાસ કરવાથી પણ તેને યોગ્ય સમસ્યા મળી આવે છે.
6. સંશોધન જર્નલ્સ, વિશ્વજ્ઞાન કોષ અને સંબંધિત પુસ્તકોમાંથી સંશોધન સમસ્યા મળી આવે છે.
7. નિષ્ણાતોના સલાહ-સૂચનના આધારે સમસ્યાની ખોજ કરવામાં સંશોધકને માર્ગદર્શન મળે છે.
8. સામાજિક વિકાસની પ્રક્રિયા નવી માંગ અને નવી સમસ્યાઓ સર્જે છે. ત્યારે સંશોધન માટે નવી સમસ્યાઓનો ઉદભવ થાય છે.
9. તકનીકી વિકાસ સાથે શિક્ષણની બદલાતી દિશા સાથે તાલ મેળવવામાં સમસ્યા પસંદગી થઇ શકે છે.
10. સાંપ્રત પ્રવાહોની જાણકારી મેળવવાથી સંશોધન સમસ્યા મળી આવે છે.
11. આકસ્મિકતા અને આવશ્યકતા બંને સંશોધન સમસ્યાના ઉદભવ સ્રોતો ગણી શકાય.
12. વ્યવસાયિક સજ્જતા માટે કેટલીક વ્યવસાયિક ઉપાધિની આવશ્યકતા સંશોધન માટેની સમસ્યાની શોધનું કારણ બને છે.
13. વ્યક્તિ પોતાના રોજ-બ-રોજનાં જીવનમાં, વ્યવસાયિક વ્યવહારોમાં, કોઈને કોઈ સમસ્યાનો અનુભવ જરૂર કરે છે.
14. વિશિષ્ટ ક્ષેત્રનું વિશ્લેષણાત્મક અવલોકન પરથી સંશોધન સમસ્યા મળી આવે છે.

## VI. સમસ્યા પસંદગીની અગત્યતા

સમસ્યા એ જરૂરિયાતના સંતોષના અભાવમાંથી જન્મતી પરિસ્થિતિ છે. આવી પરિસ્થિતિ યોગ્ય ઉકેલ શોધવા માટે સંશોધનને પ્રેરે છે. આથી સંશોધન માટે આવી પરિસ્થિતિની પસંદગી પરવી તેને સમસ્યા પસંદગી કહી શકાય. સમસ્યાઓ અનેક હોય છે. પરંતુ બધી જ સમસ્યાઓ અર્થપુર્ણ સમસ્યા હોતી નથી. આથી સમસ્યાની અર્થપુર્ણતા ચકાસીને તેની સંશોધન માટે પસંદ કરવાની પ્રવૃતિને સમસ્યા પસંદગી કહે છે. આવી પસંદગી કરવી શા માટે જરૂરી છે તે પ્રશ્નનો ઉત્તર સંશોધનની સમસ્યા પસંદગીની અગત્યતા દર્શાવે છે.

1. સંશોધન માટે પસંદ કરેલ ક્ષેત્રમાં વિદ્યાર્થી માત્ર જ્ઞાન જ મેળવતો નથી, પરંતુ જો અર્થપુર્ણ સંશોધન હાથ ધરે તો તેના પરિણામો સંશોધન સામયિકમાં સંશોધન પેપર રૂપે પ્રસિદ્ધ કરીને પોતાની વ્યવસાયિક લાયકાતમાં વધારો કરી શકે છે, ઉપરાંત ભાવિ સંશોધકો માટે પથદર્શક બની શકે. ***(ઉચાટ ડી. ૨૦૧૨)***
2. પસંદગી એક પ્રક્રિયા છે. ઘણી સમસ્યાની તપાસના અંતે યોગ્ય સમસ્યાની પસંદગી કરવામાં આવે છે, જે સમસ્યા અંગેની સ્પષ્ટતાને પુષ્ટ કરે છે.
3. સમસ્યા પસંદગી સમસ્યાના વિશાળ ક્ષેત્રનો પરિચય કરાવે છે. અને તેનું સીમાંકન કરે છે.
4. સમસ્યા પસંદગી સમસ્યા સાથે સંકળાયેલા પરિબળોથી સંશોધકને વાકેફ કરે છે.
5. સમસ્યા પસંદગી દ્વારા સંશોધન સમસ્યાનું વિષયવસ્તુ સ્પષ્ટ બને છે.
6. સમસ્યા પસંદગી સમસ્યા ઉકેલ માટેની પદ્ધતિઓ અને સાધનોનું પણ દિશાસૂચન કરે છે.
7. આ રીતે સમસ્યા પસંદગી સમસ્યાને અર્થપુર્ણ બનાવે છે, જે સંશોધન માટે સ્વીકાર્ય બને છે.

## VII. સંશોધન સમસ્યા પસંદગીના માપદંડો

સંશોધન સમસ્યા પસંદગીના માપદંડો વ્યક્તિગત માપદંડો અને બાહ્ય માપદંડો એમ બે પ્રકારના છે.

**વ્યક્તિગત માપદંડો**

1. રસ અને બૌદ્ધિક જિજ્ઞાસા
2. તાલીમ અને લાયકાત
3. કિંમત અને વળતર
4. સમય

**બાહ્ય માપદંડો**

1. સંશોધનમાં નાવીન્ય
2. સંબંધીત ક્ષેત્ર માટેની મહત્તા
3. માહિતી અને પદ્ધતિની પ્રાપ્યતા
4. વિશિષ્ટ સાધનો અને કાર્યકારી પરિસ્થિતિ
5. વહીવટીય કે સંસ્થાકિય સહકાર

## VIII. સારી સંશોધન સમસ્યાના લક્ષણો

1. એક સારી સમસ્યા પ્રશ્નવાચક કથનના સ્વરૂપમાં હોવી જોઈએ.
2. સારી સમસ્યા બે કે તેથી વધુ પરિવર્ત્યોથી વચ્ચેના સબંધનું વિવરણ રજૂ કરે તેવી હોવી જોઈએ.
3. વૈજ્ઞાનિક સમસ્યા પરીક્ષણીય હોવી જોઈએ. પરીક્ષણીય સમસ્યા એટલે એવી સમસ્યા કે જેની ચકાસણી કરી શકાય.
4. એક સારી સમસ્યા સ્પષ્ટ અને અસંદિગ્ધ પ્રશ્નના રૂપમાં હોય છે.
5. એક સારી સમસ્યા ઉકેલ માટે યોગ્ય હોવી જોઈએ.
6. સારી સમસ્યાની એક વિશેષતા એ પણ છે કે તેના ઉકેલ તથા પરીક્ષણ માટે કોઈ અનુકુળ પદ્ધતિ ઉપલબ્ધ હોય, આનુંભવિક ચકાસણી માટે અનુકુળ અભ્યાસ પદ્ધતિ ઉપલબ્ધ હોવી જરૂરી છે.
7. એક સારી સમસ્યા એવો પ્રશ્ન છે કે જેની મર્યાદા કે સીમા આંકી શકાય છે. જે સમસ્યાની સીમા કે મર્યાદા આંકી શકાય તે સમસ્યાના સ્વરૂપને સીમાંકન સ્વરૂપ કહેવામાં આવે છે.
8. એક સારી સમસ્યા માત્રાત્મક કે પરિમાણાત્મક સ્વરૂપની હોય છે.
9. સમસ્યાને ઉત્કલ્પનાના રૂપમાં બદલી શકાય એવી હોવી જોઈએ.
10. સારી સમસ્યા વ્યાવહારિક અને સૈદ્ધાંતિક દૃષ્ટિએ મહત્વ ધરાવતી હોવી જોઈએ.
11. સંશોધન સમસ્યા સંશોધનના અંતે પ્રાપ્ત થનારા ઉકેલ દ્વારા વૃદ્ધિ કરવાની ક્ષમતાવાળી હોવી જોઈએ.
12. સમસ્યા બિનજોખમી અને ઓછા સમયમાં અને ઓછા ખર્ચમાં ઉકેલાય તેવી હોવી જોઈએ.
13. સંશોધન સમસ્યા ધાર્મિક અને નૈતિક મુલ્યને આઘાત ન આપે તેવી હોવી જોઈએ.
14. સારી સમસ્યા હંમેશા પૂર્વસંશોધનો કે સિદ્ધાંતો સાથે સંબંધિત હોય છે.
15. સારી સમસ્યા સંશોધન અંગે સમાજમાં પ્રતિષ્ઠા અપાવે તેવી અને લોકોમાં આકર્ષણ જન્માવે તેવી હોવી જોઈએ.

## IX. સમાપન

સંશોધકે પોતાના સંશોધન ઉદ્દેશ્યો અને રસને લક્ષમાં રાખીને યોગ્ય સમસ્યાક્ષેત્રની પસંદગી કરવી જોઈએ. માહિતી અને સાધનોની ઉપલબ્ધિતાનો ખ્યાલ રાખીને કામચલાઉ યોજના ઘડી કાઢવી જોઈએ. પોતાના સમસ્યાક્ષેત્રના સંદર્ભમાં સંશોધન સાહિત્યની ઊંડાણપૂર્વક સમીક્ષા કરીને અભ્યાસમાં સમાવવા યોગ્ય ચલોની પસંદગી, બાકાત રાખવાના ચલોની જાણકારી અંગે સ્પષ્ટ થઈને અંતે વ્યવસ્થિત યોજના તૈયાર કરવી જોઈએ.

આ રીતે સમસ્યા પસંદગી કરતાં પહેલાં જ સંશોધકે પોતાની સમસ્યાની સીમાઓ નક્કી કરી લેવી જોઈએ. સીમાઓ નક્કી કર્યા બાદ જ સમસ્યા પસંદગી કરવામાં આવે છે. આ લેખમાં સંશોધન સમસ્યાની પસંદગી અંગેની માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

***સંદર્ભસૂચી***

1. Kothari C.R. (2001) Research Methodology (Second Edition), New Delhi Wishwa Prakashan.
2. McMillan J.H. Schymacher.S. (1989) Research in Education (Second Edition) New York: Harper Collins.
3. આચાર્ય, એમ. (૨૦૦૮), શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર: અક્ષર પબ્લિકેશન અમદાવાદ.
4. ઉચાટ, ડી.એ. અને દેસાઈ, એચ. જી. (૨૦૧૦), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃત્તિ), પારસ પ્રકાશન: અમદાવાદ.
5. દેસાઈ, કે.જી. અને દેસાઈ, એચ. જી. (૨૦૧૦). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (સાતમી આવૃત્તિ), અમદાવાદ: યુનિવર્સીટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
6. પટેલ, ડી.એમ. (૨૦૦૯), શૈક્ષણિક સંશોધનની પદ્ધતિઓ. અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.